# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 3567-4 તારીખ : 22-5-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

જગદીશ રોલર ફ્લોર મીલ

રાજકોટ રોડ, સ્વામિનારાયણ ગેઇટ ની બાજુમાં, દોલતપરા,

મું. પો. : જુનાગઢ, તા. : જુનાગઢ, જી. : જુનાગઢ,

મોબાઈલ : ૯૮૨૫૨ ૨૧૧૧૨

વિષય : વીજભાર વધારા અંગે ના એચ.ટી. જોડાણ ના ભાવપત્રક અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ શહેર.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જીઆઇડીસી જુનાગઢ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૧/૨૦૧૯-૨૦/ 3567-4 તા. 22-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૮/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: જગદીશ રોલર ફ્લોર મીલ ગામ: જુનાગઢ

રજૂઆત કરનાર: અરજદાર ભુપેન્દ્રભાઈ પી. કણસાગરા તેમજ ધવલકુમાર પ્રવીણભાઈ ટીલવા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જુનાગઢ શહેર

રજૂઆત કરનાર: કાર્યપાલક ઇજનેર યુ. જી.વસાવા, વિભાગીય કચેરી – જુનાગઢ શહેર

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી - જુનાગઢ

તારીખ: ૧૪ -૦૫ -૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૪ -૦૫ -૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **જગદીશ રોલર ફ્લોર મીલ** , ગામ: જુનાગઢ તેઓની અરજી ના નોંધણી નંબર : ૧૮/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, પીજીવીસીએલ તરફથી જણાવાયેલ તેઓના વીજજોડાણમાં ૦૪ વખત એમ.ડી. વધુ આવેલ હોય, એચ.ટી.માં જવુ પડશે. સદર બાબતે – પીજીવીસીએલ દ્વારા પ્રથમ વખત એમ.ડી. વધુ આવેલ હતી, ત્યારે નિયમ મુજબ જાણકારી આપેલ હોતતો તેઓનો વીજભાર ઘટાડી અને એમ.ડી.નો વીજવપરાશ લીમીટ માં ઉપયોગ કરત. જેથી, સદર પ્રશ્ન ઉદભવાત નહી. હાલ ના સંજોગોમાં મંદી હોય, વીજવપરાશ ખૂબજ ઓછો છે, અને માસીક બીલ રૂ.૬૦,૦૦૦ થી રૂ.૭૦,૦૦૦ નુ આવે છે, તેમજ અત્યારે અને ભવિષ્યમાં પણ વીજભાર વધુ વપરાશ ની જરૂરીયાત નથી, તેવી અરજદારે ખાત્રી આપેલ છે. નોટીસ મળ્યા બાદ, ખરેખર વીજભાર ઓછો આવતો હોય, તેઓના બીલ માં ઓછી એમ.ડી. આવે છે, જેથી તેઓને એચ.ટી. જોડાણ ની જરૂરીયાત ન હોય, તે બાબતે – અરજદારે તા.૧૨–૦૩–૧૯ ના રોજ વીજભાર ઘટાડેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહકશ્રી જગદીશ રોલર ફ્લોર મીલ પેટ્રોલ પમ્પ નજીક, જકાત નાકા નજીક, દોલતપરા, રાજકોટ રોડ, જૂનાગઢ ગ્રાહક નં ૩૦૯૦૭\૧૦૨૭૯\૪ થી અત્રે કચેરીની ક્ષેત્રીય કચેરી જીઆઇડીસી સાડી ખાતે હળવા દબાણ ઉપર 100KW LTMD વીજ કનેકશન ધરાવે છે. આ વીજ જોડાણનો બેસન મીલના ઉત્પાદન માટે ઉપયોગ કરે છે.

૩.૧ જીઇઆરસીના નોટિફિકેશન નં. ૪\૨૦૧૫ ક્લોઝ નં. ૪.૯૫ મુજબ ઓધોગિક વીજ જોડાણની મહત્તમ માંગ (એમડી) કરારીત વિજભાર ઉપરાંતના ૫% કરતાં વધારે (ઓછામાં ઓછી ચાર વખત) ઓળંગી ગયેલ હોય તો ગ્રાહકને નોટિસ આપી લોડ વધારો માંગવા જણાવવામાં આવે છે. જેનું લિસ્ટ સામેલ કરેલ છે.

૩.૨ જેમાં સદર ગ્રાહક શ્રી જગદીશ રોલર ફ્લોર મીલને ચાલુ નાણાકીય વર્ષ અટલેકે ૨૦૧૮-૧૯ દરમ્યાન ચાર વખત મહત્તમ માંગ વધી ગયેલ છે, જે બાબતે ક્ષેત્રીય કચેરી જીઆઇડીસીના ના.ઇ. દ્વારા ગ્રાહકને લોડ વધારા માટે એક મહિનાની નોટિસ આરપીએડી થી તા.૨૩-૦૧-૧૯ થી પાઠવવામા આવેલ છે.

૩.૩ નોટિસની સમયમર્યાદા પુર્ણ થતાં સુધી ગ્રાહક દ્વારા લોડ વધારો માંગવામાં આવેલ નથી. પરંતુ જવાબમાં ગ્રાહકશ્રી જગદીશ રોલર ફ્લોર મીલ દ્વારા તા. ૦૨.૦૨.૧૯ થી પેટા કચેરીએ પત્ર લખી (ઇનવર્ડ નં ૨૩૩\૦૪.૦૨.૧૯) હવે પછી એમડી (વિજભાર) વધશે નહીં તેવું લેખીતમાં જણાવેલ છે. તા.૧૨.૦૩.૨૦૧૯ ના રોજ અરજદારે જણાવેલ કે, "તમામ મોટરો ચેક કરીને નબળા વાઇન્ડીંગવાળી મોટર દુર કરેલ તથા વધારાના હો.પા. દુર કરેલ છે જેથી MD વધશે નહીં તથા વધારાના વિજભારની જરૂર નથી.".

૩.૪ ત્યારબાદ સુઓ મોટો અંતર્ગત સદર વીજ જોડાણને LT → HT અંતર્ગત લોડ વધારો કરવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે.

૩.૫ સ્થળ પર HT વીજ જોડાણની DP ઊભી કરવા માટે PGVCL ના નોર્મ્સ અનુસાર જગ્યા ન હોવાથી વધારાની વે-ક્લીયરન્સ ROW ની નોટિસ પણ આપવામાં આવેલ છે. સુઓ મોટો અંતર્ગત આપવામાં આવેલા લોડ વધારાના ભાવપત્રક સામે ગ્રાહકને વાંધો હોવાથી CGRF માં વિવાદ નોધાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી જગદીશ રોલર ફ્લોર મીલ પેટ્રોલ પમ્પ નજીક, જકાત નાકા નજીક, દોલતપરા, રાજકોટ રોડ, જૂનાગઢ ગ્રાહક નં ૩૦૯૦૭\૧૦૨૭૯\૪ જીઆઇડીસી પેટા વિભાગીય કચેરી - જૂનાગઢ, ખાતે હળવા દબાણ ઉપર 100KW LTMD વીજ કનેકશન ધરાવે છે. આ વીજ જોડાણનો બેસન મીલના ઉત્પાદન માટે ઉપયોગ કરે છે.

૪.૨ અરજદાર શ્રી જગદીશ ફ્લોર મીલ ને નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૯૫ મા કરાયેલ જોગવાઈ મુજબ, એલ.ટી. વીજજોડાણ માથી એચ.ટી. વીજજોડાણમાં રૂપાંતર કરવા માટે – જે સુઓમોટો નુ ભાવપત્રક અપાયેલ છે. તે નિયમ મુજબ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે નામદાર GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નીચે મુજબ છે

" In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced

demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand.

૪.૪ અરજદારની રજુઆત મા જણાવેલ છે કે – સદર એચ.ટી. જોડાણ લેવા માટે, સીટીપીટી યુનીટ માટે જરૂરી ડીપી સ્ટ્રકચર ઉભુ કરવાનો તેમજ પોતાની માલીકીમાં ટ્રાન્સફોર્મર ઉભુ કરવા માટે – જરૂરી જગ્યા હયાત નથી. આ સંજોગોમાં એલ.ટી. માથી એચ.ટી. મા ફેરવવા માટેનો સુઓમોટો નુ ભાવપત્રક રદ કરવુ, તેમજ તેઓને એચ.ટી. જોડાણની જરૂરીયાત ન હોય, એલ.ટી.માથી એચ.ટી. જોડાણમાં ફેરવવા માટે ની કોઈ કાર્યવાહી કરવી નહી. તદઉપરાંત, સીટીપીટી યુનીટ તેમજ પ્રાઈવેટ ટ્રાન્સફોર્મર ઉભુ કરવા માટે – જરૂરી જગ્યા હયાત ન હોવા બાબતે પીજીવીસીએલ દ્વારા પણ અનુમોદન અપાયેલ છે. પરંતુ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૯૫ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ને અપાયેલ સુઓમોટો યોજના હેઠળ નુ ભાવપત્રક રદબાતલ કરી શકાય નહી. આવા સંજોગોમાં અરજદારને અપાયેલ સદર ભાવપત્રક – અરજદારે ભરપાઈ કરવા પાત્ર છે. તે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot